(૭) સાતમા ભાવમાં સ્ત્રી વિષે, દેશાવર જવા આવવા વિષે, ન
રણુ વેપાર વિષે, તથા દાંત વિષે જોવાય છે.

(૮) આઠમા ભાવમાં રીષ્ટ વિષે, કષ્ટ વિષે, ગૃહસ્થાન વિષેનું જો
તરવા શિખવું, હથીઆર બાંધવા બાબતનું પણ જોવાય છે.

(૯) નવમા ભાવમાં ભાગ્યનું, ધર્મ, તિર્થ, યાત્રા, તપશ્ચ
વિષે જોવાય છે.

(૧૦) દશમા ભાવમાં રાજ્યદ્વારનું તથા વેપારનું તથા પીતાનું સુખ દુઃખ
જોવાય છે.

(૧૧) અગીઆરમા ભાવમાં લાભનું, હાથી ઘોડા, સુખપાલ, વસ્ત્ર ધરેણાનું સુખ દુઃખ જોવાય છે.

(૧૨) બારમા ભાવમાં હાની, દાન, ખરચ, દંડ કેદ તથા નેત્ર એટલી બાબતોનું જોવાય છે.

ઉપર લખેલી જન્મકુંડળીને કાચી કુંડળી કહે છે, અને તેમાં જે ગ્રહ બેસાડેલા છે, તે ગ્રહો તેજ જગ્યાએ રહે છે કે ચળીને બીજે ઠેકાણે જાય છે, તે નક્કી કરવા સારૂ ગણિત કરવું પડે છે, તે ગણિત કરતાં જન્મ થયો, તે વખતે ગ્રહો કયી રાશીના કેટલા અંશ કળા, વિકળાના હતા, તેનો સ્પષ્ટ ગ્રહ ચક્રનો કોઠો નિચે પ્રમાણે છે.

| | સૂર્ય. | ચંદ્ર. | મંગળ. | બુધ. | ગુરૂ. | શુક્ર. | શનિ. | રાહૂ. | કેતુ. |
|---|---|---|---|---|---|---|---|---|---|
| રાશી | ૯ | ૧૦ | ૬ | ૯ | ૭ | ૧૦ | ૮ | ૯ | |
| અંશ. | ૧૪ | ૧૮ | ૩ | ૨૦ | ૨૨ | ૨૭ | ૬ | ૨૭ | |
| કળા | ૧૭ | ૪૪ | ૫૫ | ૪૬ | ૨૨ | ૧૭ | ૧૫ | ૫૪ | |
| વિકળા | ૪૩ | ૩૮ | ૫૭ | ૪૦ | ૫૯ | ૫૮ | ૩૧ | ૧૫ | |
| કળા | ૬૧ | ૭૬૫ | ૨૧ | ૧૦૪ | ૯ | ૬૭ | ૪ | ૩ | |
| વિકળા | ૧૧ | ૩૩ | ૫૭ | ૧૧ | ૫૩ | ૩૭ | ૩ વ | ૧૧ વ | |

**ઉપર લખેલા સ્પષ્ટ ગ્રહચક્રમાં આંકડા લખ્યા છે**

**સમજુતી નિચે પ્રમાણે છે.**

સૂર્ય મકરરાશીમાં બેઠા પછી ૧૪ અંશ, ૧૭ કળા, ૪૩ [



તે વખત ઉપરનો જન્મ થયો અને તે વખતે ઉપર લખેલા અંશ, કળા, વિકળા એ સૂર્ય આકાશમાં હતો એવું ગણિત કરતાં નિકળે છે.

ચંદ્ર કુંભરાશીમાં ૧૮ અંશ, ૪૪ કળા, ૩૮ વિકળા, ચાલ્યો તે વખત ઉપરનો જન્મ થયો.

મંગળ તોલા રાશીના ત્રણ અંશ, ૫૫ કળા, ૫૭ વિકળા ચાલ્યો ત્યારે ઉપરનો જન્મ થયો.

બુધ મકર રાશીના ૨૦ અંશ, ૪૬ કળા, ૪૦ વિકળા ચાલ્યો ત્યારે ઉપરનો જન્મ થયો.

ગુરૂ વૃશ્ચિક રાશીના ૨૨ અંશ, ૨૨ કળા, ૫૯ વિકળા ચાલ્યો ત્યારે ઉપરનો જન્મ થયો.

શુક્ર કુંભરાશીનો ૨૭ અંશ ૧૭ કળા, ૫૮ વિકળા ચાલ્યો ત્યારે ઉપરનો જન્મ થયો છે.

શનિ ધનરાશીનો ૬ અંશ, ૧૫ કળા, ૩૧ વિકળાનો થયો ત્યારે ઉપરનો જન્મ થયોછે, અને રાશીના કોઠા નિચે વ કર્યોછે તેનો અર્થ વક્રચાલનો એટલે ઉંધી ચાલ શનિની હતી.

રાહૂ મકરરાશીનો ૨૭ અંશ, ૫૪ કળા, ૧૫ વિકળાનો થયો ત્યારે ઉપરનો જન્મ થયો ને તે વક્રચાલનો હતો. રાહૂ હંમેશ અવળી ચાલેજ ચાલે છે, સવળી એટલે માર્ગી ચાલે ચાલતો નથી.

કેતુ કરકનો ૨૭ અંશ ૫૪ કળા, ૧૫ વિકળાનો થયો ત્યારે ઉપરનો જન્મ થયો ને તે રાહૂની પેઠે વક્ર ચાલનો હતો.

...રના કોઠાને છેવટે સૂર્યની ૬૧ કળા, ૧૧ વિકળા લખ્યા છે તથા ચંદ્રની ... ૩૩ વિકળા લખ્યાછે તથા એ પ્રમાણે બીજા ગ્રહોની કળા વિકળા ... વિષે એવું સમજવું કે જન્મના દિવસે એ ગ્રહોની ચાલવાની ગ...ડા પ્રમાણે હતી. તેમાં જે ગ્રહોની ચાલ વધારે કળા વિકળાની ... એટલે ઉતાવળી ચાલનો અને જેની કળા વિકળા ઓછી છે તે ...કહેવાય છે.

...માણે અંશ, કળા વિકળાના ગ્રહો આકાશમાં તે તે રાશીમાં શી...ઘે ભ ચક્રમાં હતા એમ સમજવું.

... લખેલા ગ્રહોમાં એકી રાશીના ગ્રહો એક અંશથી છ અંશ ...હચક્રમાં હોય તો તેની બાલ્યાવસ્થા કહેવી, અને સાત અંશથી

## શ્રી જ્ઞાનભાસ્કર ગ્રંથ મધ્યેથી.

અરૂણ (સૂર્યનો સારથી) કહેછે કે હે દેવના પણ દેવ, હે દિવાકર લોકોના હીતને માટે હું તમોને પૂછુંછું કે ગ્રહોથી મનુષ્યને સુખ દુઃખ થાયછે તેનું કારણ મને કહો.

સૂર્ય કહેછે—હે વીનતાના પુત્ર અને પાપ રહિત અરૂણ મનુષ્ય પ્રાણીઓને ગ્રહોના આધારે અનેક સુખ દુઃખના ચિન્હો થાયછે તે હું તને કહુંછું તે સાંભળ.

જન્મકુંડળી અને ષડ્વર્ગ કુંડળીઓથી પ્રાણીઓને સુખ દુઃખના અનેક ચિન્હો થાયછે તેને દૈવજ્ઞ (જોશી) લોકો પ્રકાશ કરેછે.

જન્મકુંડળીના લગ્નમાં દેહ બાબત જોવાયછે, હોરા કુંડળીમાં દ્રવ્યનું સુખ જોવાયછે. દ્રષ્કાણ કુંડળીમાં બંધુનું સુખ દુઃખ જોવાયછે, સપ્તમાંશ કુંડળીમાં સંતાનનું સુખ દુઃખ જોવાય છે અને નવમાંસ કુંડળીમાં સ્ત્રીનું સુખ દુઃખ જોવાયછે, દ્વાદશાંસમાં માત પીતાનું સુખ દુઃખ જોવાય છે, ત્રીશાંસમાં રીષ્ટ કષ્ટનું જોવાય છે; એ પ્રમાણે વિદ્વાન લોકોએ વિચારીને જોવું.

## હોરા કુંડળીનું ફળ નિચે પ્રમાણે.

હોરા કુંડળીમાં મુખ્યત્વે કરી ધનનું જોવાય છે તે એવી રીતે કે પેહેલા અને બીજા ભાવમાં ગ્રહો રહ્યા હોયતો ધનનું ઘણું સુખ મળે અને પહેલા અને બારમા ભાવમાં ગ્રહ રહ્યા હોય તો ધનનું મધ્યમ સુખ મળે અને બારમા ભાવમાં ઘણા ગ્રહો રહ્યા હોય તો નિરધન દરીદ્રી હોય તેમ પેહેલા [illegible] બીજા ભાવમાં વધારે ગ્રહ રહ્યા હોયતો ઘણોજ ધનવાન જાણવો.

હોરા કુંડળીમાં ચંદ્રની હોરા એટલે લગ્નમાં ચંદ્રની રાશી [illegible] મનુષ્ય બાલ્યાવસ્થામાં દુઃખી સમજવો અને મોટપણમાં છેક [illegible] સુખી જાણવો.

હવે સૂર્યની હોરા હોય તો તે મનુષ્ય બાલ્યાવસ્થામાં સ[illegible] ટપણમાં છેક જીંદગી સૂધી દુઃખી અને ક્રોધી જાણવો.

હોરા કુંડળીના લગ્નનો સ્વામિ જન્મ કુંડળીમાં પૂર્ણ [illegible] તે મનુષ્ય સારા ગુણવાળો જાણવો. વળી જન્મ કુંડળીમાં તે [illegible] ને તે જે ભાવમાં બેઠો હોય તે ભાવનું પરીપૂર્ણ સુખ જાણવું.

હોરા કુંડળીમાં લગ્નનો સ્વામિ સૂર્ય હોય તો ખોટી [illegible]



ધુતારો, રૂપ વગરનો, ખળ, પાપબુદ્ધિવાળો, કપટી, સુખ અને ધન વગરનો, ક્રોધી કઠણ હૈયાવાળો, કામી, પરસ્ત્રીગાં આશક્ત, દેવ બ્રાહ્મણની નિંદા કરવાવાળો જાણવે.

હોરા કુંડળીના લગ્નનો સ્વામિ ચંદ્ર હોય તો શાંત સ્વભાવવાળો, સર્વગુણવાળો, સ્થિર સ્થાનકે રહેનારો, હંમેશ મિત્રથી માન પામનારો, નાના [illegible] રત્ન અને ધનના સુખવાળો, સ્ત્રી પુત્રના સુખવાળો અને સારા વેષવા[illegible] વિત્ર ત્યાગી જાણવો. વળી માન ઉપર પ્રીતિવાળો, પોતાના ધર્મ ઉપર [illegible] વાળો, અને ભાઈઓની સાથે સ્નેહ રાખનારો જાણવો.

હોરા કુંડળીમાં સૂર્યની સિંહ રાશી લગ્ને હોય તો પોતાના દેશમાં [illegible] નારો અને ચંદ્રની રાશી હોય તો પરદેશમાં રહેનારો. તેમ તે હોરા કુંડ[illegible] સ્વામિને જન્મ કુંડળીમાં શુભગ્રહ દેખતા હોય તો સારી સ્થિતિથી વરતના[illegible] અને પાપગ્રહ દેખતા હોય તો નઠારી સ્થિતિથી વરતનારો જાણવો.

હોરા કુંડળીના લગ્નનો સ્વામિ જન્મ કુંડળીમાં કેંદ્રભૂવનમાં બેઠો હો[illegible] તેને શુભ ગ્રહ દેખતા હોય અથવા ભેગા બેઠા હોય તો મોતી, રત્નાદિક, [illegible] ધણની સંપત્તિ ભોગવનારો જાણવો. તેમજ પાપગ્રહ ભેગા બેઠા હોય [illegible] ખતા હોય તો ગાયો, ભેંસો, ગધેડા, ઉંટ તથા લોઢાના સામાનના વેપારથ[illegible] પત્તિવાળો જાણવો.

હોરા કુંડળીમાં દશમા ભાવનો સ્વામિ જે ગ્રહ હોય અને તે બળવા[illegible] હોય તો લક્ષ્મિવાન, કિર્ત્તિવાળો, સર્વ લોકના ઉપર પ્રીતિ રાખનારો તેમજ સ[illegible] તેના ઉપર પ્રીતિ હોય એવો જાણવો, અને તે ગ્રહ બળવાન ન હોય તો [illegible] કીર્ત્તિ વગરનો અને લોકની તેના ઉપર પ્રીતિ હોય નહીં તેવો જાણ[illegible]

## દ્રષ્કાણ કુંડળી.

[illegible]ન્મનું લગ્ન દશ અંશની અંદર હોય તો દ્રષ્કાણ કુંડળીમાં તેનુ તે એટલે [illegible]ન હોય તેજ બેસાડવું, અને જન્મ લગ્ન દશથી વધારે અને વીશની [illegible] તો જન્મ લગ્નની રાશીથી પાંચમી રાશી આવે તે રાશીનું લગ્ન બે[illegible] અંશથી વધારે અને ત્રીશ અંશની અંદર જન્મ લગ્ન હોય [illegible] રાશીથી નવમી રાશીએ જે રાશી હોય તે રાશીનું લગ્ન બે[illegible] રાશી માંડતા જવી.

[illegible]માં ગ્રહો બેસાડવાની રીતી એવીછે કે જે ગ્રહ દશઅંશનીઅંદર [illegible]ીમાં જે રાશીનો છે, તે રાશીમાં તે ગ્રહ મૂકવો અને દશ

સારાવળી નામના ગ્રંથમાં તમામ દ્દષ્કાણનું એટલે બારે રાશિના છત્રીશ દ્દષ્કાણ વિગતવાર વર્ણન કરેલાં છે ને તે દરેક દ્દષ્કાણના નિમિત્તથી મરણનું કારણ જણાવેલું છે. વળી હોરાસાર નામના ગ્રંથમાં બારે રાશિ અને બારે રાશિના નવમાંશ ઉપરથી વિગતવાર કારણ અને નિમિત્તથી નિર્યાણ કહેલું છે, પણ તે સઘળાનો સારાંશ અમોએ જણાવેલો છે માટે તેની જરૂર નથી.

નવમાંશ કુંડળીના લગ્નનો સ્વામિ જન્મ કુંડળીમાં જે રાશિનો હોય તે રાશિના સ્થાનમાં એટલે તે રાશિના રહેવાનાં ઠેકાણાંમાં આ માણસનો દેહ પડશે.

રાશિના રહેવાનાં ઠેકાણાં નિચે મુજબઃ—

૧ બકરાં અને ઘેટાં જે ઠેકાણે રહે છે તે ઠેકાણે મેષ રાશિનું સ્થાન જાણવું.

૨ વરખ રાશિ બળદને રહેવાની જગ્યામાં રહેછે.

૩ મિથુન રાશિ માણસના ઘરમાં.

૪ કર્ક કુવામાં.

૫ સિંહ વનમાં.

૬ કન્યા કુવામાં.

૭ તુલા બજારમાં કે દુકાનમાં.

૮ વૃશ્ચિક ભોંયમાં, ખાડામાં કે ભોંયરામાં.

૯ ધન ઘોડાને બાંધવાની જગ્યામાં.

૧૦ મકર જળાશય કે સરોવરમાં.

૧૧ કુંભ ઘરમાં.

૧૨ મીન સરોવર કે દરિઆમાં.

પ્રથમ જેનું જેવી રીતે જળાદિકમાં મૃત્યુ કહેલું છે તેનું તેવીજ રીતે જળાદિકમાં મૃત્યુ સમજવું, તે યોગનો આ રાશિઓ સાથે સંબંધ ગણવો નહિ, પૂર્વે કહેલા યોગ ન હોય તો આ યોગ લાગુ પાડવો.

મરણ વખતની ભૂમી નક્કી કરવાને બીજા આચાર્યો નિચે મૂજબ કહેછેઃ—

૧ નવમાંશ કુંડળીના લગ્નનો સ્વામિ જન્મ કુંડળીમાં જે રાશિનો હોય તે રાશિની ભૂમીમાં મૃત્યુ થશે. આ રાશિની ભૂમીઓ ઉપર વર્ણન કરેલી છે.

૨ નવમાંશ કુંડળીના લગ્નનો સ્વામિ જન્મ કુંડળીમાં જે ગ્રહના સમાગમવાળો હોય તે ગ્રહની ભૂમીમાં મૃત્યુ થશે.

૩ નવમાંશ કુંડળીના લગ્નના સ્વામિને જન્મ કુંડળીમાં જે ગ્રહ દેખતો હોય તે ગ્રહની ભૂમીમાં મૃત્યુ થશે.



૪ નવમાંશ કુંડળીના લગ્નનો સ્વામિ નવમાંશ કુંડળીમાં જે ગ્રહની રાશિમાં હોય તે ગ્રહની ભૂમીમાં મૃત્યુ સમજવું.

૫ ઉપર પ્રમાણે ઘણા ગ્રહનો એક સાથે સંબંધ હોય તો તે સર્વેમાંથી જેનું બળ વધારે હોય તે ગ્રહની ભૂમીમાં મૃત્યુ સમજવું.

૬ ગ્રહની ભૂમી ગ્રહની રાશિઓ પ્રમાણે જાણવી.

૭ જે ગ્રહને બે રાશિઓ હોય તે ગ્રહની તેના મૂળ ત્રિકોણની રાશિ પ્રમાણે ભૂમી જાણવી.

૮ કોઇ પંડિત ગ્રહોની ભૂમી નીચે પ્રમાણે કહે છેઃ—

સૂર્યનું દેવાલય, ચંદ્રનું અગ્નિ સ્થાન, મંગળનું વિહાર એટલે રમતનું સ્થાન, બુધનું ભંડાર, ગુરૂનું સૂતાનું, શુક્રનું ખેતર અને શનિનું કોતર અથવા ખાડો એવી ભૂમી જાણવી.

જન્મ લગ્ન જેટલી ઘડી ભોગવવાનું બાકી હોય તેટલીવાર મરણ વખતે માણસને બેચેની અથવા બેશુદ્ધિ રહેશે, પણ આ જન્મ લગ્નને પોતાનો સ્વામિ દેખતો હોય તો તે વખત બમણો જાણવો; અને કદી પોતાનો સ્વામિ તથા શૂભ ગ્રહ એમ બંને દેખતા હોય તો આ વખત ૭ ગણો જાણવો.

પાછળ કહેવા પ્રમાણે લગ્ન થકી બાવીશમો દ્દષ્કાણ એટલે આઠમા ભાવનો જે દ્દષ્કાણ હોય તે દ્દષ્કાણ પ્રમાણે મુડદાની વ્યવસ્થા જાણવી, જેમકે આ દ્દષ્કાણ અગ્નિ હોય તો આ શરીરને અગ્નિસંસ્કાર થશે. પાપ ગ્રહની રાશિના દ્દષ્કાણને અગ્નિ દ્દષ્કાણ કહેછે.

આ દ્દષ્કાણ જળનો હોય તો મુડદું જળમાં સડશે. શૂભ ગ્રહના દ્દષ્કાણને જળ દ્દષ્કાણ કહેછે.

મીશ્ર દ્દષ્કાણ હોય તો અગ્નિ અથવા જળમાં આ મુડદાનો નાશ ન થતાં એમનું એમ સૂર્યના તાપથી સૂકાશે. શૂભગ્રહનો દ્દષ્કાણ પાપ ગ્રહ યુક્ત હોય અથવા પાપગ્રહનો દ્દષ્કાણ શૂભ ગ્રહ યુક્ત હોય તેને મીશ્ર દ્દષ્કાણ કહે છે.

કદી આઠમા ભાવમાં સૂર્યાદિ દ્દષ્કાણ હોય તો કુતરાં, શિયાળ, કાગડા વિગેરે આ મુડદાને ખાઇ જશે.

કર્ક રાશિનો પ્રથમ તથા બીજો વૃશ્ચિક રાશિનો પ્રથમ તથા બીજો, અને મીન રાશિનો ત્રીજો એટલા સર્પ દ્દષ્કાણ જાણવા.

આ માણસની પૂર્વ જન્મની કેવી ગતી હતી એટલે કયા લોકમાંથી અહીં જન્મ થયો છે અને મૂવા પછી કેવી ગતી થશે તે વિસ્તારવાળા બીજા શાસ્ત્રો થકી જોવું. અહીંઆં અમે સંક્ષેપમાં કહીએ છીએ.

માણસને તે એ જન્મ જાણવાની ઇચ્છા હોય તો તેમણે કર્મ વિપાક ગ્રંથ તથા સૂર્યાર્ણવ ગ્રંથમાંથી તેમજ ધર્મ શાસ્ત્રના ને સ્મૃતિઓના ગ્રંથમાંથી પોતાની ત્રિકાળની ગતી વિષે ખાત્રી કરી તેમાં ફરમાવેલી સૂચના પ્રમાણે આચરણ કરવું. અમોએ ઘણા પંડીતોના મત પ્રમાણે સંક્ષેપમાં લાગૂ પડતું યથા મતિ વર્ણન કરેલું છે, કેમકે આ યુગમાં અગણિત રોગો અને અનંત નિમિત્તો છે તે સઘળાંનું વિવેચન, ત્રિકાળદર્શી જ્ઞાની સિવાય બીજા કોઇ કરી શકે નહિ, પણ તે સઘળાંનાં મૂળતત્વો સઘળી રીતે મહા મેહેનતે બુદ્ધિને અનુસાર લાગૂ પડતાં આ ગ્રંથમાં દાખલ કરવાને અમે કોઇ રીતની ખામી રાખી નથી.

---

## ભાગ ચોથો.

### સ્ત્રીઓના જન્મથી તેઓને ફળ મળવા બાબત.

#### બૃહજ્જાતક ગ્રંથ ઉપરથી.

૧. પુરૂષના જન્મ વખતે જે જે જોવાય છે તે સ્ત્રીના જન્મ વખતે પણ જોવું, તેમાં તફાવત એટલોજ કે તેમાં **પુરૂષ** શબ્દને બદલે સ્ત્રી એવા શબ્દની યોજના કરવી.

૨. જન્મ વખતના સંવત્સર, ગોળ, અયન, ઋતુ, માસ, પક્ષ, તિથિ, વાર, નક્ષત્ર, યોગ, કરણ અને લગ્ન વિગેરે જે પંચાંગ ફળ પુરૂષના જન્મ વખતે કહેલાં છે તે સઘળાં સ્ત્રીના જન્મ વખતે પણ સમજવાં.

૩. મૂળ અને જેષ્ટા નક્ષત્રોની શાંતીઓ, અમાંસ અને ચૌદશ વિગેરે તિથિઓની શાંતીઓ અને વ્યતિપાત, વૈધૃત વિગેરે દુષ્ટ યોગની શાંતીઓ પણ સ્ત્રીના જન્મમાં લાગૂ હોય તો તે પણ પુરૂષની માફક કરવી.

૪. ઉપર કહેલાં દુષ્ટ નક્ષત્ર વિગેરેમાં સ્ત્રીનો જન્મ હોય તો તેનું ફળ જ્યાં સુધી તે સ્ત્રી પોતાના માબાપને ઘેર રહે ત્યાં સુધી પોતાના માબાપને ફળ અને લગ્ન થયા પછી તે સાસરે જાય એટલે સાસુ સસરાને લાગૂ છે એમ સમજવું.

૫. પુરૂષની જન્મકુંડળીમાં જેવી રીતે રાજ્ય યોગ, નાભસ યોગ, સૂર્ય ચંદ્ર યોગ અને રીષ્ટ યોગ વિગેરે જોવાય છે તેવીજ રીતે સ્ત્રીની જન્મકુંડળીમાં પણ જોવા.

૬. આયુષ્ય અને દશા, અંતરદશા વિગેરે પુરૂષની માફક સ્ત્રીને પણ ઉપજાવવાં.

૭. સારાંશ એ છે કે પુરૂષની માફક સ્ત્રીની પણ જન્મપત્રી એક સરખી રીતે બનાવવી, અને તે બનાવવાનો પ્રકાર કે રીત સરખી છે માટે તેમાં બળા-



બળ, દ્રષ્ટિ અને ષડ્વર્ગ પૂરી રીતે દાખલ કરવાં.

૮ ફક્ત સ્ત્રી પુરૂષના ફળાદિશમાં જે જોવાનો તફાવત છે તેજ અમો અહીંઆં જણાવીએછીએ, તે શિવાય બાકીનો ફળાદિશ ઉપર કહેલી રીતે પુરૂષ પ્રમાણે સમજવો.

૯ સ્ત્રીને જે જે સંભવિત ફળ છે, જેવું કે વસ્ત્ર, અલંકાર વગેરે ધનનું સુખ દુઃખ તો સ્ત્રીને પોતાનેજ કહેવું, તેમજ શરીરની પ્રકૃતિ, ગુણ, સ્વભાવ, લક્ષણ અને ચિન્હ વિગેરે પણ સ્ત્રીને પોતાને લાગૂ પાડવાં.

૧૦ સ્ત્રીઓને જે જે અસંભવિત યોગ છે તેવા યોગનું ફળ તેના સ્વામિને કહેવું, જેવું કે રાજ્ય યોગ વિગેરેનું ફળ સ્ત્રીને અસંભવિત છે કેમકે રાજ્યનો પટ્ટાભિષેક આ દેશમાં સ્ત્રીને થતો નથી માટે તે ફળ તેના પતિને કહેવું, પણ જે દેશમાં સ્ત્રીને પણ રાજ્યાભિષેક કે પટ્ટાભિષેક થાય છે ત્યાં તો સ્ત્રીનેજ કહેવું. આ ઠેકાણે કુળનો, દેશનો અને વખતનો યોગ્ય વિચાર કરીને કહેવું.

૧૧ સુનશફી યોગનું ફળ તો સ્ત્રીને તથા પોતાના પતિને એમ બંનેને લાગૂ પાડવું કેમકે તેવાં ફળ ત્રણ પ્રકારનાં છે. કેટલાંક ફળ તો ફક્ત સ્ત્રીને, કેટલાંક તેના પતિને, અને કેટલાંક તે સ્ત્રી પુરૂષ બંનેને લાગૂ પડતાં છે માટે તે વિષે યોગ્ય વિચાર કરી કહેવું.

૧૨ આ ઠેકાણે કોઇ આચાર્ય એમ કહેછે કે સ્ત્રીની જન્મકુંડળીનાં તમામ સુખ દુઃખ દેનારાં ફળો તેના પતિને લાગૂ પાડવાં, કારણ કે સ્ત્રીઓને તેના પતિના સુખે સુખ અને દુઃખે દુઃખ હોય છે, પણ આ વિચાર સર્વે આચાર્યો માન્ય રાખતા નથી, પણ ઉપર કલમ ૧૧ માં કહ્યા પ્રમાણે સર્વે પંડીતો માન્ય કરેછે.

૧૩ સ્ત્રીની જન્મકુંડળીના આઠમા ભાવ ઉપરથી તેના પતિનું રીષ્ટ કહેવું તે અમો આગળ જણાવીશું.

૧૪ સ્ત્રીના શરીર સંબંધી જેની જન્મકુંડળીના લગ્ન અને ચંદ્ર ઉપરથી સુખ દુઃખ જોવું તે પણ અમો આગળ જણાવીશું.

૧૫ સ્ત્રીઓના સૌભાગ્ય વિષે તથા તેના પતિના સુખ દુઃખ વિષે અને લક્ષણ વિષે સ્ત્રીની જન્મકુંડળીના સાતમા ભાવ ઉપરથી તેના બળાબળના આધાર ઉપરથી જોવું તે પણ અમો આગળ જણાવીશું.

૧૬ સ્ત્રીની જન્મકુંડળીમાં લગ્ન અને ચંદ્ર એ બંને એકી રાશિના હોય તો આ સ્ત્રી ખરેખરી સ્ત્રીના સ્વભાવવાળી હોય છે એટલે શાસ્ત્રોમાં સાધારણ રીતે સ્ત્રીઓના સ્વભાવનું વર્ણન કરેલું છે તેવા લક્ષણની આ સ્ત્રી હોય છે, પણ આ બંને લગ્ન અને ચંદ્ર ઉપર શુભગ્રહની દૃષ્ટિ હોય તો આ સ્ત્રી ઘણાં સારાં લક્ષ

ણુ અને ઘરેણાંથી શોભીતી થાયછે, મતલબ કે તે પતિવ્રતા અને વૈભવવાળી હોયછે.

૧૭ પણ આ લગ્ન અને ચંદ્ર એકી રાશિના હોય તો પુરૂષના આકાર અને પુરૂષના સ્વભાવવાળી આ સ્ત્રી હોય છે; પણ જો આ લગ્ન અને ચંદ્ર એ બંને ઉપર પાપગ્રહની દ્રષ્ટિ હોય તો પાપ લક્ષણવાળી અને સારા ગુણ વગરની દુષ્ટ સ્વભાવની જાણવી. લગ્ન પ્રમાણે લગ્નના નવમાંશની રાશથી પણ કોઇ ઉપર પ્રમાણે કહે છે.

૧૮. જે ઠેકાણે ગ્રહની દ્રષ્ટિનું જણાવેલું હોય તે ઠેકાણે તે ગ્રહનો સમાગમ પણ લાગૂ પાડવો એ અનુમાનથી સમજી લેવું.

૧૯. કદી લગ્ન અને ચંદ્ર એ બેમાંથી એક એકી રાશિમાં હોય અને બીજો બેકી રાશિમાં હોય તો સ્ત્રી અને પુરૂષના એમ મીશ્ર આકાર અને ગુણવાળી સ્ત્રીને સમજવી. તેમજ એકની સાથે શૂભગ્રહ હોય અને બીજાની સાથે પાપગ્રહ હોય તો તે સ્ત્રી સારા અને નઠારા એમ મીશ્ર આચરણવાળી જાણવી; તેમજ એકને શૂભગ્રહ દેખતો હોય અને બીજાને પાપગ્રહ દેખતો હોય તોપણ મીશ્ર સ્વરૂપ ને ગુણવાળી જાણવી. આ પ્રમાણે એકની સાથે શૂભગ્રહ બેઠો હોય અને બીજાને પાપગ્રહ દેખતો હોય અથવા એક ભેગો પાપગ્રહ હોય અને બીજાને શૂભગ્રહ દેખતો હોય તોપણ ઉપર પ્રમાણે મધ્યમ રૂપ ગુણવાળી સ્ત્રી કહેવી.

૨૦. સ્ત્રીની જન્મકુંડળીમાં મેષ કે વૃશ્ચિક રાશિનું લગ્ન હોય અથવા ચંદ્ર હોય તેમનાં ત્રીશાંશનું ફળ નીચે પ્રમાણેઃ—

૧. ઉપર પ્રમાણે જન્મકુંડળીમાં મંગળની રાશિનું લગ્ન અથવા ચંદ્ર હોય અને ત્રીશાંશ કુંડળીમાં પણ તે બંને મંગળના ઘરના હોય તો ન્હાનપણમાંજ આ કન્યા ખરાબ લક્ષણ શીખે.
૨. જન્મકુંડળીમાં એ બંને મંગળના ઘરના હોય અને ત્રીશાંશ કુંડળીમાં શનિના ઘરના હોય તો સેવા અથવા નોકરી કરનારી આ સ્ત્રી થાય છે.
૩. જન્મકુંડળીમાં આ બંને મંગળની રાશિના હોય પણ ત્રીશાંશમાં ગુરૂની રાશિના હોય તો આ સ્ત્રી સારા આચરણવાળી અને સમજુ થાયછે.
૪. જન્મકુંડળીમાં મંગળના ઘરના, પણ ત્રીશાંશ કુંડળીમાં એ બંને બુધની રાશિના હોય તો સ્ત્રી ચરિત્રમાં કુશળ હોય છે.
૫. જન્મકુંડળીમાં લગ્ન અથવા ચંદ્ર મંગળની રાશિના હોય પણ ત્રીશાંશ કુંડળીમાં શુક્રની વરખ કે તુળા રાશિના હોય તો નઠારા ચરીત્રવાળી આ સ્ત્રી થાય છે.

આ પ્રમાણે ત્રીશાંશ ફળ હમેશાં ગુણને માટે જોવું.



૨૧. જન્મકુંડળીમાં શુક્રની રાશિ એટલે વરખ કે તુળ રાશિનું લગ્ન અથવા ચંદ્ર હોય તેના ત્રીશાંશનું ફળ નિચે પ્રમાણે સમજવું.

૧. જન્મકુંડળીમાં લગ્ન અથવા ચંદ્ર શુક્રની રાશિના હોય અને ત્રીશાંશ કુંડળીમાં મંગળની રાશિના હોય તો ક્રૂર એટલે દુષ્ટ આચરણવાળી સ્ત્રી જાણવી.
૨. અને તેઓ ત્રીશાંશમાં શનિની રાશિના હોય તો એક વખત પરણ્યા છતાં બીજા પુરૂષની સ્ત્રી થાય એટલે નાતરૂં કરે.
૩. ગુરૂની રાશિના ત્રીશાંશ કુંડળીમાં હોય તો આ સ્ત્રી ગુણવાળી અને સારાં લક્ષણવાળી થાય છે.
૪. ત્રીશાંશમાં બુધની રાશિના હોય તો કળામાં કુશળ આ સ્ત્રી થાયછે એટલે ગાયન કરવામાં, વાજીંત્ર વગાડવામાં, નાચવામાં અને ચીત્રકળામાં કુશળ થાય છે.
૫. ત્રીશાંશમાં શુક્રની રાશિના હોય તો સારા ગુણથી કીર્તિ મેળવનારી સ્ત્રી થાય છે.

૨૨. જન્મકુંડળીમાં બુધની રાશિ એટલે મિથુન કે કન્યા રાશિનું લગ્ન અથવા ચંદ્ર હોય તેના ત્રીશાંશનું ફળ નિચે મૂજબ:—

૧. ત્રીશાંશ કુંડળીમાં મંગળની રાશિના હોય તો કપટી એટલે કપટવાળી સ્ત્રી થાય છે.
૨. ત્રીશાંશ કુંડળીમાં શનિની રાશિમાં હોય તો આ સ્ત્રી સ્ત્રીપણામાં ન હોય એટલે જેમ પુરૂષ નપુંસક હોય છે તેમ આ સ્ત્રી પણ પવઇ હોય છે.
૩. ત્રીશાંશ કુંડળીમાં ગુરૂની રાશિમાં હોય તો સારા ગુણવાળી આ સ્ત્રી થાયછે.
૪. ત્રીશાંશકુંડળીમાં બુધની રાશિમાં હોય તો ઘણા ગુણવાળી આ સ્ત્રી થાયછે.
૫. ત્રીશાંશકુંડળીમાં શુક્રની રાશિમાં હોય તો વ્યભિચારીણી અથવા ગુણકા થાય છે.

૨૩. કર્કરાશિનું જન્મકુંડળીમાં લગ્ન અથવા ચંદ્ર હોય તો તેના ત્રીશાંશનું ફળ નિચે પ્રમાણે:—

૧. જન્મકુંડળીમાં લગ્ન અથવા ચંદ્ર કર્ક રાશિના હોય અને ત્રીશાંશ કુંડળીમાં તે મંગળની રાશિના હોય તો સ્વતંત્ર મિજાજની અથવા સ્વતંત્ર રીતે કામકાજ કરનારી થાય છે.
૨. ત્રીશાંશમાં શનિની રાશિના હોય તો પોતાના સ્વામિને મારી નાંખનારી આ સ્ત્રી થાય છે.
૩. ત્રીશાંશમાં ગુરૂની રાશિના હોય તો ઘણા ગુણવાળી સ્ત્રી જાણવી.

૪. ત્રીશાંશમાં બુધની રાશિના હોય તો આ સ્ત્રી શીલ્પકળામાં કુશળ થાયછે.

૫. ત્રીશાંશ કુંડળીમાં શુક્રની રાશિના હોય તો નઠારા આચરણ કે લક્ષણવાળી આ સ્ત્રી જાણવી.

૨૪. જન્મકુંડળીમાં સિંહ રાશિમાં લગ્ન અથવા ચંદ્ર હોય તેના ત્રીશાંશનું ફળ નિચે પ્રમાણે જાણવું.

૧. ત્રીશાંશમાં મંગળની રાશિના એ બંને હોય તો પુરૂષના જેવા આચરણવાળી એટલે પુરૂષના જેવા રીવાજ કે વૈભવવાળી તથા બહુ વાચાળ સ્ત્રી થાય છે.

૨. ત્રીશાંશમાં શનિની રાશિના હોય તો વ્યભિચારીણી આ સ્ત્રી થાય છે.

૩. ત્રીશાંશમાં ગુરૂની રાશિના હોય તો આ સ્ત્રી રાજાની સ્ત્રી થાય છે.

૪. ત્રીશાંશમાં બુધની રાશિના હોય તો પુરૂષના સ્વભાવવાળી સ્ત્રી થાય છે.

૫. ત્રીશાંશમાં શુક્રની રાશિના હોય તો નીચ પુરૂષ સાથે પણ વ્યભિચાર કરનારી આ સ્ત્રી થાય છે.

૨૫. જન્મકુંડળીમાં ગુરૂની રાશિ એટલે ધન કે મીન રાશિનું લગ્ન અથવા ચંદ્ર હોય તેમના ત્રીશાંશનું ફળ નિચે પ્રમાણે સમજવું.

૧. એ બે ત્રીશાંશ કુંડળીમાં મંગળની રાશિના હોય તો ઘણા ગુણવાળી સ્ત્રી સમજવી.

૨. ત્રીશાંશમાં શનિની રાશિમાં હોય તો ઉતાવળી ચાલવાળી સ્ત્રી જાણવી.

૩. ત્રીશાંશમાં ગુરૂની રાશિમાં હોય તો ઘણા ગુણવાળી સ્ત્રી જાણવી.

૪. ત્રીશાંશમાં બુધની રાશિમાં હોય તો વિજ્ઞાનવાળી અથવા આશ્ચર્યવાળી સ્ત્રી સમજવી.

૫. ત્રીશાંશમાં શુક્રની રાશિમાં હોય તો ખરાબ લક્ષણવાળી સ્ત્રી જાણવી.

૨૬. જન્મકુંડળીમાં શનિની એટલે મકર કે કુંભ રાશિનું લગ્ન અથવા ચંદ્ર હોય તેમના ત્રીશાંશનું ફળ નિચે પ્રમાણેઃ—

૧. ત્રીશાંશ કુંડળીમાં તે બંનેની મંગળની રાશિ હોય તો આ સ્ત્રી દાસી થાયછે.

૨. ત્રીશાંશમાં શનિની રાશિના હોય તો નીચ માણસ સાથે વ્યભિચાર કરનારી સ્ત્રી જાણવી.

૩. ત્રીશાંશમાં ગુરૂની રાશિના હોય તો પતિવ્રતા સ્ત્રી જાણવી.

૪. ત્રીશાંશમાં બુધની રાશિના હોય તો આ સ્ત્રી નઠારી જાણવી.

૫. ત્રીશાંશ કુંડળીમાં તે બંને શુક્રની રાશિના હોય તો પ્રજા વગરની વાંઝણી આ સ્ત્રી જાણવી.



૨૭ જન્મકુંડળીમાં કોઇ પણ એક ગ્રહની રાશિમાં જન્મ લગ્ન તથા ચંદ્ર હોય અને ત્રીશાંશ કુંડળીમાં પણ કોઇ પણ એક ગ્રહની રાશિમાં લગ્ન તથા ચંદ્ર હોય તેમનું ફળ ઉપર પ્રમાણે પુરેપુરૂં સમજવું, પણ જન્મકુંડળીમાં લગ્ન તથા ચંદ્ર એક ગ્રહની રાશિમાં હોય અને ત્રીશાંશ કુંડળીમાં લગ્ન તથા ચંદ્ર જૂદા જૂદા ગ્રહની રાશિમાં હોય અથવા જન્મકુંડળીમાં જૂદા જૂદા ગ્રહની રાશિમાં લગ્ન તથા ચંદ્ર હોય, પણ ત્રીશાંશ કુંડળીમાં કોઇ પણ એક ગ્રહની રાશિમાં હોય અથવા જન્મકુંડળીમાં લગ્ન તથા ચંદ્ર જૂદા જૂદા ગ્રહની રાશિમાં હોય અને ત્રીશાંશ કુંડળીમાં પણ લગ્ન અને ચંદ્ર જૂદા જૂદા ગ્રહની રાશિમાં હોય તો જન્મકુંડળીમાં લગ્ન અને ચંદ્ર એ બેમાં જે બળવાન હોય તે એકજના આધારથી ઉપર લખેલું ત્રીશાંશનું ફળ સમજવું અને બાકી છોડી દેવું. આ ત્રીશાંશ ફળ પ્રમાણે સ્ત્રીના ગુણ તથા લક્ષણ પરીક્ષા કરીને કહેવા.

૨૮. સ્ત્રીની નવમાંશ કુંડળીમાં શનિની રાશિમાં શુક્ર હોય અને શુક્રની રાશિમાં શનિ હોય તેમજ એ બે ગ્રહો જન્મકુંડળીમાં એક બીજાને દેખતા હોય તો, અથવા જન્મકુંડળીનું લગ્ન શુક્રની રાશિનું હોય અને નવમાંશ કુંડળીમાં કુંભ લગ્ન હોય તો આ સ્ત્રી પુરૂષાકારવાળી બીજી સ્ત્રીથી પોતાના વીશયની શાંતી કરશે.

૨૯. સ્ત્રીની જન્મકુંડળીમાં લગ્ન તથા ચંદ્રથકી સાતમા ભાવમાં કોઇ પણ ગ્રહ રેહેલો ન હોય, તેમજ સાતમો ભાવ નિર્બળ હોય અને તેને કોઇ પણ શુભ ગ્રહનો સમાગમ કે દ્રષ્ટિ ન હોય તો આ સ્ત્રીનો સ્વામિ નઠારી ચાલનો તથા અપલક્ષણવાળો જાણવો.

૩૦. સ્ત્રીની જન્મકુંડળીમાં લગ્ન અથવા ચંદ્ર થકી સાતમા ભાવમાં બુધ કે શનિ રહેલો હોય તો આ સ્ત્રીનો પતી નપુંસક હોય છે.

૩૧. સ્ત્રીની જન્મકુંડળીમાં લગ્ન થકી તથા ચંદ્ર થકી સાતમા ભાવમાં ચર રાશિ હોય તો આ સ્ત્રીનો પતી હમેશાં મુસાફરી કરનારો જાણવો; પણ જો સ્થિર રાશિમાં હોય તો તેનો પતી હમેશાં ઘેર રહેનારો સમજવો; તેમજ જો કદી દ્વિસ્વભાવ રાશિ હોય તો કેટલીક વખત મુસાફરી કરનારો તથા કેટલીક વખત ઘેર રહેનારો સમજવો. તેમજ સાતમા ભાવનો પતી નવમાંશ કુંડળીમાં ચર, સ્થિર, કે દ્વિસ્વભાવ રાશિનો હોય તો તે ઉપરથી પણ આ મૂજબ જોવાય છે.

૩૨. જ્યાં જ્યાં લગ્ન તથા ચંદ્ર થકી ભાવની ગણત્રી કહેલી છે તે ઠેકાણે એ બંનેથી સંભવ હોય તો એ બંને થકી ફળાદિશ જોવો, પણ બંનેથી જોવાનો અસંભવ હોય તો એ બંનેમાં જે બળવાન હોય તે એક થકીજ ફળાદિશ જોવો, આ પ્રમાણે આગળ પણ વિચાર કરવો.

૩૩. સ્ત્રીની જન્મકુંડળીમાં સાતમા ભાવમાં સૂર્ય હોય તો આ સ્ત્રી ને તેનો પતી ત્યાગ કરે છે. સાતમે મંગળ હોય અને તેને પાપગ્રહો દેખતા હોય તો આ સ્ત્રી બાળપણુમાં વિધવા થાય છે; કદી સાતમે શનિ હોય અને તેને પાપગ્રહો દેખતા હોય તો આ સ્ત્રી લાંબી મૂદત સૂધી કુંવારી રહે છે અથવા કુંવારીને કુંવારીજ વૃદ્ધ અવસ્થાને પહોંચે છે. આ યોગમાં પણ લગ્ન અને ચંદ્ર એ બેમાં જે બળવાન હોય તેથી સાતમા ભાવની કલ્પના કરવી.

૩૪. એક એક પાપગ્રહ સાતમે રહેલો હોય તેનું ફળ ઉપર કલમ ૩૩ માં કહેલું છે પણ કદી સાતમે ઘણા પાપગ્રહ રહેલા હોય તો તે દરેક ગ્રહનું ફળ ન જોતાં તે સ્ત્રીને વિધવા કહેવી.

૩૫. સાતમે ભાવે શૂભ તથા પાપગ્રહો એમ બંને પ્રકારના ઘણા ગ્રહો રહેલા હોય તો આ સ્ત્રી પોતાના પરણેલા સ્વામિને છોડીને બીજા પુરૂષના ઘરમાં સ્ત્રી તરીકે રહેશે.

૩૬. સાતમે ભાવે કોઇ પણ પાપગ્રહ નિર્બળ થઇને રહેલો હોય અને તેને શૂભગ્રહ દેખતો હોય તો તેને તેનો સ્વામિ ત્યાગ કરે છે.

૩૭. નવમાંશ કુંડળીમાં શુક્રની રાશિમાં મંગળ હોય અને મંગળની રાશિમાં શુક્ર હોય તો આ સ્ત્રી વ્યભિચારીણી થાય છે.

૩૮. જન્મકુંડળીમાં સાતમા ભાવમાં ચંદ્રની સાથે શુક્ર અને મંગળ રહેલા હોય તો આ સ્ત્રી પોતાના સ્વામિની રજાથી પર પૂરૂષ સાથે વ્યભિચાર કરશે. આ વ્યભિચાર આ સ્ત્રી પોતાના સ્વતંત્રપણાથી કરશે નહીં.

૩૯. શનિ કે મંગળની રાશિનું લગ્ન હોય અને ત્યાં ચંદ્ર તથા શુક્ર રહેલા હોય, વળી તેમને પાપગ્રહો દેખતા હોય તો આ સ્ત્રી અને તેમની મા એ બંને જણા વ્યભિચારી હોયછે, તેમજ આ સ્ત્રીને તેની મા ઉપર હાજરરહીવ્યભિચારકરાવેછે

૪૦. સાતમા ભાવનો નવમાંશ ગણતાં મંગળની રાશિનો નવમાંશ આવે અને આ નવમાંશની રાશિને જન્મકુંડળીમાં શનિ દેખતો હોય તો આ સ્ત્રીની યોનીમાં હમેશાં રોગ હોયછે.

૪૧. સાતમા ભાવનો નવમાંશ ગણતાં શૂભગ્રહની રાશિનો આવે તો, અથવા આ નવમાંશની રાશિને જન્મકુંડળીમાં શૂભગ્રહ દેખતા હોય તો તે સ્ત્રી પોતાના પતિને અતિ પ્રીય હોય છે.

૪૨. જન્મકુંડળીમાં સાતમે ભાવે કોઇ ગ્રહ રહેલો હોય નહિ તો તે સ્ત્રીના સ્વામિ સંબંધી હકીકત નિચે મૂજબ જાણવી:—

૧. સાતમા ભાવમાં શનિની રાશિ અને શનિની રાશિનો નવમાંશ હોય તો આ સ્ત્રીને વૃદ્ધ અને મૂરખ સ્વામિ મળશે.



૨. સાતમા ભાવમાં મંગળની રાશિ અને મંગળની રાશિનો નવમાંશ હોય તો આ સ્ત્રીને ક્રોધી અને ઘણી સ્ત્રીઓ ઉપર ચપળ મનવાળો સ્વામિ મળશે.

૩. સાતમા ભાવમાં શુક્રની રાશિ અને શુક્રની રાશિનો નવમાંશ હોય તો આ સ્ત્રીને અતિ સુંદર, રૂપવાળો, ભાગ્યશાળી અને પોતાના ઉપર પ્રીતિ રાખનારો પતી મળશે.

૪. સાતમા ભાવમાં બુધની રાશિ અને બુધની રાશિનો નવમાંશ હોય તો આ સ્ત્રીને વિદ્વાન, ચતુર અને હમેશાં પોતાના કામમાં ઝીણી નજર રાખનારો સ્વામિ મળશે.

૫. સાતમા ભાવમાં કર્ક રાશિ અને કર્ક રાશિનો નવમાંશ હોય તો આ સ્ત્રીને ઘણા વિષયવાળો, કામાતુર અને કોમળ અથવા નાજૂક પ્રકૃતિવાળો સ્વામિ મળશે.

૬. સાતમા ભાવમાં ગુરૂની રાશિ કે ગુરૂની રાશિનો નવમાંશ હોય તો આ સ્ત્રીને ગુણવાન, જીતેંદ્રીય અને ઉદાર મનનો સ્વામિ મળશે.

૭. સાતમા ભાવમાં સિંહ રાશિનો નવમાંશ હોય તો આ સ્ત્રીને અતિ કોમળ મનનો, ઘણા વ્યાપાર કે કામ કરનારો અને વિષય કરવાની શકિતવાળો સ્વામિ મળશે.

૪૩. સાતમા ભાવમાં જે ગ્રહની રાશિ હોય તેજ ગ્રહનો નવમાંશ હોય તો તેનું ફળ ઉપર વર્ણન કરેલું છે તે ખરેખરૂં સમજવું, પણ જૂદા ગ્રહની રાશિ અને જૂદા ગ્રહનો નવમાંશ હોય તો તે બેમાં જે બળવાન હોય તેના સ્વામિ પ્રમાણે તે સ્ત્રીને સ્વામિ ઉપરની કલમમાં લખ્યા પ્રમાણે મળશે એ વિચાર કરીને કહેવું.

૪૪. જે સ્ત્રીની જન્મ કુંડળીમાં લગ્ને ચંદ્ર અને શુક્ર રહેલા હોય તો આ સ્ત્રી ઇર્ષાવાળી તથા સુખની ઇચ્છાવાળી હોય છે; ચંદ્ર અને બુધ એ બે ગ્રહો લગ્ને હોય તો કળામાં કુશળ અને તે કળાથી ઉપજેલા સુખવાળી હોયછે, વળી તે ગુણવાન પણ હોય છે. શુક્ર અને બુધ એ બે લગ્ને હોય તો આ સ્ત્રી સુંદર રૂપવાળી, ભાગ્યશાળી, પોતાના સ્વામિને અતિપ્રીય અને કળામાં કુશળ હોય છે; ચંદ્ર અને ગુરૂ લગ્ને હોય તો આ સ્ત્રી ભાગ્યશાળી અને વૈભવી હોય છે; શુક્ર, બુધ અને ચંદ્ર એ ત્રણ ગ્રહો લગ્નમાં રહેલા હોય તો ઘણા સુખ અને ગુણવાળી, તથા ઘણા ધનવાળી આ સ્ત્રી હોય છે; તેમજ બુધ, ગુરૂ અને શુક્ર એ ત્રણ ગ્રહો લગ્નમાં રહેલા હોય તોપણ આ સ્ત્રી ઘણા સુખ, ધન અને ગુણવાળી હોયછે.

૪૫. સ્ત્રીની જન્મ કુંડળીમાં આઠમા ભાવમાં કોઈ પાપગ્રહ હોય તો આ

સ્ત્રી વિધવા થશે, અને તે આઠમા ભાવનો સ્વામિ નવમાંશ કુંડળીમાં જે ગ્રહની રાશિમાં હશે તે ગ્રહની દશા અંતર દશામાં અથવા આઠમા ભાવમાં સ્વામિની દશા અંતર દશામાં અથવા આઠમા ભાવે બેઠેલા પાપગ્રહની દશા અંતરદશામાં આ સ્ત્રી વિધવા થશે.

૪૬. જે સ્ત્રીની જન્મ કુંડળીમાં આઠમા ભાવમાં કોઈ પાપગ્રહ હશે પણ કોઈ શુભગ્રહ બીજા એટલે ધન ભાવમાં હશે તો આ સ્ત્રી પોતાના સ્વામિની પછી થોડા વખતમાં મૃત્યુ પામશે એટલે ઘણી મુદત વિધવાપણું ભોગવશે નહિ.

૪૭. જે સ્ત્રીના જન્મ કુંડળીમાં કન્યા, વૃશ્ચિક, વરખ અને સિંહ એ ચાર રાશિમાંની કોઇ પણ રાશિમાં ચંદ્ર હશે તો આ સ્ત્રીને સ્વલ્પ પુત્ર એટલે એકાદ પુત્ર થશે તેમજ થોડી પ્રજા થશે.

૪૮. સ્ત્રીની જન્મ કુંડળીમાં શનિ મધ્યમ બળી હોય, ચંદ્ર, શુક્ર અને બુધ નિર્બળ હોય, અને સૂર્ય, મંગળ તથા ગુરૂ બળવાન હોય અને ગમે તે ભાવે તે સર્વે ગ્રહો રહેલા હોય પણ લગ્નમાં વિશમ રાશિ હોય તો આ સ્ત્રી ઘણા પુરૂષવાળી સમજવી.

૪૯. સ્ત્રીની જન્મ કુંડળીમાં ગુરૂ, મંગળ, શુક્ર અને બુધ એ સર્વે બળવાન થઇ ગમે તે ઠેકાણે બેઠા હોય પણ લગ્નમાં સમ રાશિ હોય તો આ સ્ત્રી ઘણી કીર્તિવાળી, ઘણા શાસ્ત્રોમાં કુશળ અને મોક્ષના સાધનમાં કુશળ જાણવી.

૫૦. સ્ત્રીની જન્મ કુંડળીમાં ચંદ્ર થકી દશમા સ્થાનમાં સૂર્ય અને ચોથા સ્થાનમાં મંગળ હોય તો આ સ્ત્રીનું ઉંચે ઠેકાણેથી પડવાથી મૃત્યુ થશે.

૫૧. ચંદ્ર થકી બીજે મંગળ, સાતમે બુધ અને ચોથે શનિ હોય તો આ સ્ત્રીનું કુવામાં પડવાથી મૃત્યુ થશે.

૫૨. જન્મ કુંડળીમાં કન્યા રાશિના સૂર્ય અને ચંદ્ર હોય અને તેમને પાપગ્રહો દેખતા હોય કે તેમની સાથે રહેલા હોય તો આ સ્ત્રીનું બંધનથી મર્ણ થશે.

૫૩. દ્વિસ્વભાવ રાશિના લગ્નમાં સૂર્ય અને ચંદ્ર પાપગ્રહની દ્રષ્ટિ કે સમાગમવાળા હોય તો પાણીમાં પોતાની મેળે આ સ્ત્રી બુડશે.

૫૪. જન્મકુંડળીમાં કર્ક રાશિનો શનિ હોય અને મકર રાશિનો ચંદ્ર હોય તો આ સ્ત્રી જળંદરના રોગથી મૃત્યુ પામશે.

૫૫. જન્મકુંડળીમાં મંગળની રાશિનો ચંદ્ર હોય અને તેને પાપગ્રહની કર્તરી હોય તો આ સ્ત્રીનું શસ્ત્ર થકી કે અગ્નિ થકી મૃત્યુ થશે.

૫૬. લગ્નમાં કે સાતમા ભાવમાં જે જે ગ્રહનું નેષ્ટ ફળ જે પ્રથમ કહેવામાં આવ્યું છે, પણ જો તે ગ્રહ પોતાની રાશિનો કે ઉંચનો કે પોતાના નવ-



માંશનો હોય, તેમજ તેને બળવાન શુભગ્રહનો સમાગમ કે દ્રષ્ટિ હોય તો આ ગ્રહ નેષ્ટ ફળ આપશે નહિ એ ધ્યાનમાં રાખવું. આ નિયમ ત્રીશાંશ ફળને પણ લાગુ છે. ત્રીશાંશ પતી નિર્બળ હશે તો કહેલા ત્રીશાંશ ફળમાં જરા ઘટાડો કરશે.

૫૭. લગ્નમાં પાપગ્રહ હોય અને સાતમે પાપગ્રહ હોય, તેમાં પણ ઘણું કરીને મંગળ હોય તો આ સ્ત્રી વિધવા થશે, તેમજ લગ્નમાં ચંદ્ર હોય અને સાતમે મંગળ હોય તોપણ આ સ્ત્રી વિધવા થશે.

૫૮. જન્મકુંડળીમાં છઠ્ઠે કે આઠમે ચંદ્ર હોય તો આ સ્ત્રીના પતીને શરીરે રીષ્ટ અથવા નેષ્ટ ફળ થાય, અથવા તે વિધવા થાય.

૫૯. જન્મકુંડળીમાં ૧-૪-૭-૮-૧૨ મા ભાવમાં મંગળ હોય તો આ સ્ત્રી વિધવા થશે અથવા પતીથી દુઃખ પામશે.

૬૦. પાંચમા ભાવ ઉપરથી સંતાન બાબત જોવું.

૬૧. કોઇ પાપગ્રહ નીચનો પાંચમા ભાવમાં રહેલો હોય અને તેને તેનો કોઇ શત્રુ ગ્રહ દેખતો હોય તો આ સ્ત્રીને પ્રજા જીવે નહિ, અથવા તે વ્યભિચારીણી થાય છે.

૬૨. સ્ત્રીઓને શુક્ર થકી સાસુનું, સૂર્ય થકી સસરાનું, લગ્ન થકી શરીરનું, ચંદ્ર થકી મનનું, સાતમા ભાવથી અથવા સાતમા ભાવના સ્વામિથી સ્ત્રીના પતીનું સુખ દુઃખ જોવું.

૬૩. બીજ, સાતમ અને બારસ એ તીથિઓમાં અસ્લેષા, કૃતિકા, અને સતભિષા એ નક્ષત્રો હોય તથા રવિવાર, મંગળવાર કે શનિવાર હોય એવા આ યોગમાં જે બાળકી જન્મે છે તેને વિશ કન્યા કહે છે.

૬૪. રવિવાર, બારશ અને શતભિશા નક્ષત્ર હોય, મંગળવાર, સાતમ અને વિશાખા નક્ષત્ર હોય, શનિવાર, બીજ અને અસ્લેશા નક્ષત્ર હોય અને તેમાં કોઇ બાળકી જન્મે તો તેને વિશ કન્યા કહે છે.

૬૫. સ્ત્રીની જન્મકુંડળીમાં લગ્ને બે શુભગ્રહો શત્રગ્રહની રાશિના હોય અથવા લગ્ને એક પાપગ્રહ શત્રુગ્રહની રાશિનો હોય તો આ કન્યાને વિશકન્યા જાણવી.

૬૬. જન્મકુંડળીમાં લગ્ને શનિ, પાંચમે સૂર્ય, અને નવમે ભાવે મંગળ હોય તોપણ આ સ્ત્રીને વિશકન્યા જાણવી.

૬૭. વિશકન્યા નિર્ભાગી જાણવી. જે ઠેકાણે રહે તે ઠેકાણે દુઃખ દે તથા દુઃખ ભોગવેછે, વિધવા થાય છે, અથવા વ્યભિચારીણી થાય કે સંતાનના દુઃખવાળી થાય છે. આવી સ્ત્રીને લોકો છપરપગી કહે છે એટલે નઠારાં પગલાંની કહે છે.

૬૮. જે સ્ત્રી મૂળ નક્ષત્રના પ્રથમના ત્રણ પાયામાં જન્મે તો તે સ્ત્રી તેના

સસરાને મારે છે, અસ્લેશા નક્ષત્રના છેલ્લા ત્રણ પાયામાં જન્મે તો પોતાની સાસુને મારે છે, જેષ્ટા નક્ષત્રના છેલ્લા પાયામાં જન્મે તો પોતાના જેઠને મારેછે, અને વિશાખા નક્ષત્રના છેલ્લા પાયામાં જન્મે તો પોતાના દીયરને મારેછે.

૬૯. આ યોગમાં જન્મેલી કન્યાને પરણાવતાં પેહેલાં તેની ધર્મ શાસ્ત્રની આજ્ઞા પ્રમાણે શાંતી કરી પછી પરણાવવી.

૭૦. લગ્ન થકી અથવા ચંદ્ર થકી સાતમા ભાવનો સ્વામિ સ્વગ્રહનો થઇને રહેલો હોય અથવા કોઇ શુભગ્રહ બળવાન થઈને રહેલો હોય તો વિશ કન્યાનો દોષ નાશ થાય છે.

૭૧. નિચેના યોગો વિધવાપણાના દોષને નાશ કરે છેઃ—

૧. લગ્નનો સ્વામિ લગ્નમાં અને સાતમા ભાવનો સ્વામિ સાતમે હોય તો.

૨. લગ્નનો સ્વામિ સાતમે અને સાતમાનો સ્વામિ લગ્ને હોય તો.

૩. લગ્નનો સ્વામિ લગ્નમાં અને સાતમાનો સ્વામિ પણ લગ્ને હોય તો.

૪. લગ્નનો સ્વામિ સાતમે અને સાતમાનો સ્વામિ પણ સાતમે હોય તો.

૭૨. ઉપરના ચાર યોગોમાં કોઈ પાપગ્રહની દ્રષ્ટિ કે સમાગમ ન હોય પણ શુભગ્રહની દ્રષ્ટિ કે સમાગમ હોય તો એ યોગ વિશ કન્યાના દોષને તથા વિધવાપણાના દોષને નાશ કરેછે.

૭૩. પાંચમો ભાવ તથા પાંચમા ભાવનો સ્વામિ બળવાન હોય તો આ સ્ત્રી સુંદર પુત્રવાળી તથા તેના વૈભવવાળી થશે.

૮૪. નવમો ભાવ તથા નવમા ભાવનો સ્વામિ બળવાન હોય, તેમજ ધન ભાવ તથા ધન ભાવનો સ્વામિ બળવાન હોય તો આ સ્ત્રી ભાગ્યશાળી અને વૈભવી થશે.

૭૫. લગ્ન તથા લગ્નેશ અને ચંદ્ર બળવાન હશે તો આ સ્ત્રી ઇંદ્રની પરી જેવી રૂપવાળી થશે.

૭૬. આઠમા તથા નવમા ભાવમાં તેમજ અગીયારમા ભાવમાં પાપગ્રહો હોય તો આ સ્ત્રી સંતાનના કષ્ટવાળી થશે.

૭૭. લગ્નનો સ્વામિ તથા લગ્નના નવમાંશનો સ્વામિ શુભગ્રહ અને બળવાન હશે તો આ સ્ત્રી નિખાલસ દીલની થશે.

૭૮. લગ્નનો સ્વામિ તથા લગ્નના નવમાંશનો સ્વામિ પાપગ્રહ હશે કે નિર્બળ હશે તો આ સ્ત્રી કપટી તથા નીચ સ્વભાવની થશે અને ભૂત, પિશાચના ચરિત્રવાળી તથા સ્ત્રી ચરિત્રવાળી થશે.



૭૯ સ્ત્રીની જન્મ કુંડળીમાં સાતમા ભાવમાં કોઇ પાપગ્રહ રહેલો હોય પણ હરકોઇ ગ્રહ નવમા ભાવમાં રહેલો હોય તો આ સ્ત્રી નવમા સ્થાનમાં રહેલા ગ્રહની દિક્ષાવાળી પ્રવ્રજ્યાને પામશે. આ પ્રમાણે જે સ્ત્રીને પ્રવ્રજ્યા યોગ ઉપજે તો પછી સાતમા ભાવમાં રહેલા પાપગ્રહનું જૂદું જૂદું ફળ જે અમોએ પ્રથમ વર્ણન કરેલું છે તે આ પ્રવ્રજ્યાવાળી સ્ત્રીને મળશે નહિ. કયો કયો ગ્રહ કઇ પ્રવ્રજ્યા એટલે દિક્ષા લેવડાવશે તે અમોએ પ્રવ્રજ્યા પ્રકરણમાં વિગતવાર જણાવેલું છે તે આ પ્રસંગે જાણી લેવું.

૮૦ ઉપર કહેલા તમામ યોગો સ્ત્રીઓની જન્મકુંડળીમાં ખૂબ ધ્યાન રાખી જોવા, ને પછી તેનો વિવાહ, લગ્ન કે કન્યાદાન કરવું.

૮૧. જે સ્ત્રીની જન્મકુંડળી ઉપરથી જેવી રીતે સ્ત્રીઓનું સુખ દુઃખ ઉપર પ્રમાણે જોવાયછે તેવીજ રીતે સ્ત્રીના સંબંધના પ્રશ્નમાં પણ જોવાય છે.

૮૨. જે સ્ત્રીને વિધવા વિગેરે દુષ્ટ યોગ જન્મકુંડળીમાં ઉપજે તેને ધર્મશાસ્ત્રમાં કહ્યા પ્રમાણે કુંભ વિવાહ, અર્ક વિવાહ, સાવિત્રી વ્રત, પીપળાનો વિવાહ વિગેરેની શાંતી કરાવી પછી પરણાવવી એવી ધર્મશાસ્ત્રની આજ્ઞા છે.

૮૩. ઉપર પ્રમાણે સ્ત્રીજાતકફળાદિશ અમોએ સંક્ષેપમાં પૂર્વ શાસ્ત્રના અનુસારથી કહ્યો છે; એ સિવાય બાકીનો ફળાદિશ પુરૂષના ફળાદિશ પ્રમાણે લાગુ પડતુ જોવો; જેટલો વિશેષ હતો તેજ ફકત આ પ્રસંગે અમોએ જણાવ્યોછે.

સંપૂર્ણ.



## શુદ્ધિપત્રક.

| પૃષ્ટ | લીટી | અશુદ્ધ | શુદ્ધ. |
|---|---|---|---|
| ૧ | ૩ | ઉપસહાર. | ઉપસંહાર. |
| ” | ૧૪ | પૂર્વે. | પૂર્વ. |
| ” | ૧૭ | રક્ષપણુક. | ક્ષણુપણુક. |
| | ૧૯ | વરામીહર. | વરાહમીહર. |
| ” | ૨૦ | વરાહમીયર. | વરાહમીહર. |
| ૨ | ૨૧ | કામોને. | કામો. |
| ” | ૨૯ | થાય. | થાય છે |
| ” | ૩૧ | માણુસોનુંજ. | માણુસોનું. |
| ૩ | ૩ | દ્રઢદ્રઢ. | દ્રઢાદ્રઢ. |
| ૪ | ૨૧ | વાજપય. | વાજપેય. |
| ” | ” | પૌણીમા. | પૌર્ણીમા. |
| ” | ૩૦ | તે. | તેની. |
| ૫ | ૭ | શાલીવાહનનો. | શાલીવાહનના. |
| ” | ૧૯ | શુક્લ. | શુક્લ. |
| ૬ | ૨૧ | દક્ષાયણુ. | દક્ષિણાયન. |
| ” | ” | દક્ષણુ. | દક્ષિણુ. |
| ૭ | ૨૫ | ત્રિતિયા. | ત્રતિયા. |
| ૮ | ૨૦ | જાતના. | જાતકના. |
| ૧૧ | ૧૭ | બ્રહ્મા. | બ્રહ્મા. |
| ” | ૨૬ | તેના. | તેના. |
| ૧૩ | ૧૨ | प, ण. | प. ठ. ण. |
| ૧૪ | ૧૦ | હુક્ષભ. | ઋક્ષભ. |
| ૨૦ | ૧૪ | વિસમ. | વિષમ. |
| ૨૧ | ૨૪ | તાળા. | તોલા. |
| ૨૨ | ૧૧ | દૈવજ્ઞ. | વેદજ્ઞ. |
| ” | ૧૭ | ત. | તે. |
| ૨૬ | ૮ | પીત્તકૃપ્રતિવાળો. | પીત્તપ્રકૃતિવાળો. |
| ૨૭ | ૭ | નવમાસ. | નવમાંશ. |



| | | | |
|---|---|---|---|
| ૩૧ | ૧૯ | ત. | તે. |
| ૩૩ | ૯ | અશ. | અંશ. |
| ” | ૨૬ | વગંાત્તમી | વગાત્તમી. |
| ૩૭ | ૧૬ | દૈવજ્ઞ. | વેદજ્ઞ. |
| ” | ૧૮ | દ્રેષ્કાંણુ. | દ્રષ્કાણુ. |
| ૪૪ | ૨ | ૧૪. | ૧૯. |
| ૫૪ | ૨૮ | હોય હા. | હોય તો. |
| ૫૫ | ન. કું. | બુ. ૭. | ૭. |
| ૫૬ | ૧ | બે. | બેઠો. |
| ૬૬ | ૬ | કોઠાગાં. | કોઠાના. |
| ૬૯ | ૭ | ભાગતો. | ભાગનો. |
| ૭૧ | ૨ | ફળાદીસ. | ફળાદીશ. |
| ૭૬ | ૨૪ | ગર્ભાશયભાં. | ગર્ભાશયમાં. |
| ૮૧ | ૨૩ | દેખાતો. | દેખતો. |
| ૮૪ | ૮ | ગહો. | ગ્રહો. |
| ૧૦૧ | ૮ | સમૃતીમાં. | સ્મૃતિમાં. |
| ૧૧૧ | ૨૬ | કુંડળીમી. | કુંડળીમાં. |
| ૧૧૬ | ૧૩ | વરાહમીર. | વરાહમીહર. |
| ૧૨૯ | ૨૬ | બુદ્ધ. | બુધ. |
| ૧૫૦ | ૨૦ | ગુરૂન. | ગુરૂના. |
| ” | ૨૯ | ધરમ. | ધરમાં. |
| ૧૫૧ | ૬ | ભેઠો. | બેઠો. |
| ૧૫૯ | ૮ | રાજશી. | રાજવંશી. |
| ૨૧૬ | ૬ | સથો. | સાથે. |
| ૨૪૭ | ૧૧ | છે. | છઠ્ઠે. |
| ૩૦૪ | ૧૮ | મહાદશાપાં. | મહાદશામાં. |
| ૩૦૪ | ૨૬. | ઉ- ઉપર. | ઉપર, |
| ૩૨૫ | ૨ | અસંતાષી. | અસંતોષી. |

